# આસ્થાનું પ્રતિક

# શ્રી રામજીમંદીર



ભારતમાં કેટલાય ધર્મસ્થાનો એવા હશે કે જેનાં અતિતમાં ડોકીયુ કરવામાં આવે તો તે ચમત્કારીક કે અલૌકિક ઈતિહાસનો વારસો ધરાવતા હશે. આજનો યુગ વૈજ્ઞાનિક યુગ છે, આમ છતાં પણ ઘણી એવી ચમત્કારીક ઘટનાઓ બનતી હોય છે. જે ઘટનાઓ બાબતે વીજ્ઞાન પાસે કોઈ નકકર ખુલાસો કે જવાબ હોતો નથી. આમ કયારેક વિજ્ઞાનનો હાથ પણ હેઠો પડી જતો હોય છે. આમ પણ વિજ્ઞાનની સીમા પુરી થાય ત્યાં જ શ્રધ્ધાની હદ શરૂ થાય છે અને એટલે જ મનુષ્યે ઈશ્વરી તત્વનો સ્વીકાર કરવો પડે છે. આવી જ ચમત્કારીક ઘટના સાથે જોડાયેલ મંદીર એટલે સાવરકુંડલા તાલુકાના હાથસણી ગામે આવેલ શ્રી રામજી મંદીર.

આજથી એક સૈકા (સો વરસ)થી પણ વધારે સમય પહેલાં શ્રી રામજીમંદીરનો પ્રતિષ્ઠા સમયે બનેલી ચમત્કારીક ઘટનાને આજે પણ ગામ લોકો ભુલ્યા નથી. ઘટના બન્યાને વર્ષોના વહાણા વીતી ગયા હોવા છતાં લોકો જાણે કે ગઈકાલે જ ઘટના બની હોય તેમ યાદ કરે છે.

મંદીરના અલૌકીક ઈતિહાસને જાણતા પહેલાં વીસ્તારથી જોઈએ તો એક સૈકાથી વધારે સમય પહેલાં હાથસણી ખોબા જેવડું ગામ ત્યાં પાંખી વસ્તી. ભવિષ્યમાં જે રામજીમંદીર નિર્માણ પામવાનું છે તે મંદીરના દાતા કે પ્રેક ગામનાં નારણજીદાદા ગોર અને ગામનાં જ દરબાર માણાબાપુને આંતરે ગાઠયું એટલે કે ભૂદેવ અને દરબારને અતૂટ ભાઈબંધી.

ભૂદેવ અને દરબારની ભાઈબંધી આખા ગામમાં જાણીતી ગામ-ગામતરે પણ આ જોડી સાથે જ જોવા મળે. માણાબાપુ ગામનાં જ ગીરાસદાર જયારે નારણજી હરીરામભાઈ વિ.સંવત ૧૯૭૦ આજુબાજુ આફ્રીકા ખંડના યુગાન્ડાથી આવ્યા પછી હાથસણી ગામે મોસાળ હોવાથી આ ગામમાં જ

સ્થાયી થઈ ગયા. પુત્ર પરીવાર યુગાન્ડામાં સ્થાયી થઈ ગયેલ પરંતુ નારણજીદાદા અને ગોરાણીમાં પાછળની અવસ્થા માતૃભૂમિમાં પસાર થાય અને હરીભજન થાય આમ વિચારી ભારત આવતાં રહેલ. આમ વિદેશથી આવેલ હોય સાથે મૂડી પણ ઠીકઠાક લાવેલ. સરળ સ્વભાવને હિસાબે ગામમાં દુધમાં સાકર ભળે તેમ ભળી ગયેલ. બ્રાહ્મણજીવ એટલે બંને માણસ (દંપત્તિ) આખો દિવસ હરીભજનમાં વિતાવે. ગામમાં નીકળે ત્યારે પણ નારણજીદાદાનાં મોં એ હરીકીર્તન જ હોય. ગામનાં જ ગીરાસદાર માણાબાપુ સાથે વધારે બેઠક ઉઠક પણ ધાર્મિક વાતોએ વળગે તો સવારનું બપોરે કે બપોરથી સાંજ કયારે પડે તે બંનેને ખબર જ રહે નહીં. માણાબાપુ તથા નારણજીદાદાની ધાર્મિક વાતો ચાલતી હોય ત્યારે બાજુમાં પસાર થનાર વ્યક્તિ પણ પોતાનું કામ ભૂલીને ઉભી રહી જાય. કયારેક માણાબાપુની ગઢની ડેલીએ રાતે વાળુ કરીને સત્સંગસભા જામતી તો સવાર પડી જાતું.



માણાબાપુ વાતડાહ્યા માણસ. ભણેલ ઓછા પણ કોઠાસૂઝ તથા ધાર્મિકજ્ઞાન વધારે. લોકો દ્વારા તેની વાત સાંભળવીએ એક લ્હાવો ગણતા. તેમને ઈશ્વર પ્રત્યે કેટલી અખુટ શ્રધ્ધા હતી તેનું એક ઉદાહરણ જોઈએ – આજે તો ગામડા પણ આધુનિક ભૌતિક સુવિધાથી સજ્જ બની ગયા છે. ગામડામાં પણ ફોન, વાહન વ્યવહાર કે અન્ય યાંત્રિક ઉપકરણોની સુવિધા સુલભ બની ગઈ છે ત્યારે એક સૈકાથી વધારે સમય પહેલા માણાબાપુ ઘોડી લઈને ચારધામની યાત્રાએ નીકળી પડેલ છેક સાત-આઠ મહિને પરત આવેલ. આમ તેઓનું મનોબળ પણ મજબુત હતું.

મૂળવાત ઉપર આવીએ તો નારણજીદાદાગોરના મનમાં એક વાત કેટલાય સમયથી રમતી હતી, જે વાત સમય આવ્યે માણાબાપુને કીધી કે બાપુ આપણા ગામ દરેક વાતે સુખ છે પણ ગામને રામજીમંદીર નથી એ મને જરા ખૂંચે છે. જો હરીકૃપા થાય તો રામજીમંદીર બને. માણાબાપુ શ્રધ્ધાળુ માણસ તરત વાતને વધાવી લીધીને કહયું કે આ તો દાદા ગળથી ગળ્યું પણ ખર્ચીનું શું ? ત્યારે નારણજીદાદાએ મંદીર બનાવવાનો બધો ખર્ચ ઉપાડવાની તૈયારી દર્શાવી પોતે ભગવાન પ્રત્યે ભાવ બતાવ્યો. માણાબાપુએ પોતાની માલીકીના વાડામાંથી જગ્યા આપી. વાત ગામમાં ફેલાઈ ગઈ. દરેક જગ્યાએ આનંદ છવાઈ ગયો. ગામને ફકત સહકાર આપવાનો હતો. લોકોને પણ આયોજન પસંદ પડી ગયું. ગામભેગુ થયું. મંદીર બાંધકામના આયોજનની ચર્ચા થઈ. ધીરે-ધીરે કામ શરૂ થયું. સિમેન્ટનુ હજુ આગમન થયુ નહોતું. ગામડાઓમાં ચુનો ખાંડી-ગાળીને-ચણતર કરાતું. આવી રીતે રામજીમંદીરના નિર્માણ કાર્યના શ્રીગણેશ કરવામાં આવ્યા. ધીમે-ધીમે કાર્ય આગળ વધતું જાય છે. ચણતર કામ પુરૂ થવાની અણી ઉપર હતું ત્યારે નારણજીદાદાગોરે માણાબાપુને સૂચન કર્યું, બાપુ હવે મુખ્ય કામ જ બાકી છે અને તે રામ, લક્ષ્મણ તથા જાનકીજીની મૂર્તિઓ રાજસ્થાન છેક જઈને લાવવાની છે. માણાબાપુ વિચારમાં પડી ગયા. પણ તેણે તરત નારણજીદાદાને કહ્યું કે, દાદા, મને આમાં જાજી ખબર પડે નહીં, આપ બ્રાહ્મણ માટે તમેય સાથે હાલો. પણ નારણજીદાદાની નાદુરસ્ત તબીયતને લીધે માણાબાપુને વળી પાછા ઘોડી લઈને રાજસ્થાન મોકલ્યા.

ગામમાં ઉત્સાહ સમાતો નથી કે કયારે મૂર્તિઓ આવે અને મંદીરમાં પ્રતિષ્ઠિત કરવામાં આવે. ઘણા દિવસે માણાબાપુ પરત આવે છે. રાજસ્થાનથી લાવેલ મૂર્તિઓ ખોખાની અંદર મૂકેલ હોય તે

ખોખાને નારણજીદાદાને ત્યાં મુકવામાં આવ્યા. સમય આવ્યે મંદીરનું કામ પૂર્ણ થયું. ગામલોકો દ્વારા જાણો અવધમાં રઘુવીર પધારતા હોય તેવા માહોલમાં હોંશે-હોંશે કામ કરવામાં આવે છે.

શુભ મૂહુર્તે પ્રતિષ્ઠાનો દિવસ નક્કી કરવામાં આવ્યો. એ શુભ ઘડી પણ આવી પહોંચી. ગામના ચોકમાં વિદ્વાન બ્રહ્મદેવતાઓ દ્વારા યજ્ઞશાળા તૈયાર કરી. વિપ્રવર્યોના મુખથી વેદોક્ત શ્લોકો હવામાં ગુંજવા લાગ્યા. જલયાત્રા, મંડપ પ્રવેશ વિગેરે ધાર્મિક પ્રસંગો એક પછી એક પૂર્ણ થવા લાગ્યા. હવે જે મૂર્તિઓ લાવવામાં આવી હતી તે મૂર્તિઓને યજ્ઞશાળામાં લાવવામાં આવી. વિપ્રવર્યોના આદેશ અનુસાર બંધખોખાને ખોલવામાં આવ્યું. પરંતુ આ શું ? ખોખામાં રામ, લક્ષ્મણ તથા જાનકીજીની મૂર્તિઓને બદલે રાધાકૃષ્ણની મૂર્તિઓ નીકળી. બ્રાહ્મણનો અવાચક થઈ ગયા. બધી જ વૈદિક વિધિ શ્રી રામચંદ્રના નામની થઈ અને મૂર્તિઓ નીકળી રાધાકૃષ્ણની. યજ્ઞશાળામાં ઉપસ્થિત દરેક ગ્રામજનો, બ્રહ્મદેવતા, નારણદાદા ગોર તથા મૂર્તિ લેવા રાજસ્થાન ગયેલ માણાબાપુ સહિત ૅદરેક વ્યથિત થઈ ગયા. સૌથી વધુ આઘાત માણાબાપુને લાગ્યો. દરેકની નજર માણાબાપુ ઉપર મંડાણી. દોષનો ટોપલો માણાબાપુ ઉપર ઢોળાણો. પરંતુ હવે શું કરવું ? એવી વિટંબણા દરેકના મનમાં હતી. નારણજીદાદા ગોર પણ શૂન્યમનસ્ક ઉભા રહી ગયા. જ્યાં હર્ષોલ્લાસ હતો ત્યાં હિમાલય જેવી સમસ્યા ખડી થઈ ગઈ. નારણજીદાદાએ આંખોના ઈશારે જ માણાબાપુને ઠપકો આપી દીધો, પણ હવે શું કરવું. કોઈ ઉકેલ જડે તેમ નહોતો. રાજસ્થાન નજીક તો નથી કે ફટાફટ સમાચાર મોકલતાં જ મૂર્તિઓ આવી જાય. લોકો દ્વારા ધીમે-ધીમે માણાબાપુ ઉપર પસ્તાળ પડવા લાગી. માણાબાપુની પરિસ્થિતિ વાઢોતોય લોહી ન નીકળે તેવી થઈ ગઈ. ધરમ કરતાં ધાડ પડી. આજથી સૈકાથી વધારે પહેલાનો સમય વાહન વ્યવહારની તો વાત જ ક્યાં કરવી ? કોઈ ઉકેલ જડે તેમ નથી. માણાબાપુને યજ્ઞશાળામાં બેસનું કઠીન થઈ પડયુ, ધીમેથી ઉઠયા પણ જાણે પગમાં બેડીઓ જડાઈ ગઈ. ધીમે પગલે હતાશામાં ગરકાવ થઈ ગઢમાં જતા રહયાં.




અહીં યજ્ઞશાળામાં એકદમ શાંતિ પથરાઈ ગઈ. હવે આ કાર્ય આગળ વધશે કે નહીં ? તેવો વેધક પ્રશ્ન દરેકના મનમાં ઘુમરાતો હતો. સમય પસાર થતો જતો હતો. દરેક લોકો વ્યાકુળ હતાં. જયારે અઠી ગઢમાં માણાબાપુ નિરૂત્સાહ થઈ ભગવાનની તસ્વીર આગળ બે હાથ જોડી આંખો બંધ કરી પ્રાર્થના કરવા બેસી ગયા કે, હે રાઘવ મારી લાજ-આબરૂ તારા હાથમાં છે. કોઈ નીવેડો આવે તેમ દેખાતું નથી, તારા ચમત્કાર વિના આ શુભકાર્ય આગળ નહીં વધે, હવે તુજ લાજ રાખ. રૂામ કહી મનોમન ભગવાનને વિનવતા હતા અને બીજીબાજુ યજ્ઞશાળામાં કોલાહલ શરૂ હતો ત્યાં જ જાણે કે કોઈ ઈશ્વરી ચમત્કાર થયો હોય અને ગામમાંથી કોઈએ યજ્ઞશાળામાં સમાચાર મોકલાવ્યા કે ગામમાં મૂર્તિઓ વેચવાવાળા આવ્યા છે. આ સમાચાર સાંભળતા જ ગામ લોકો દંગ રહી ગયા પણ પાછો વિચાર આવ્યો કે મૂર્તિઓ કોની હશે ? એ તપાસ તો કરાવો. તરત જ મૂર્તિવાળી બે વ્યક્તિને બોલાવવામાં આવી. પૂછપરછ કરી તો ખબર પડી કે આરસની રામ,લક્ષ્મણ તથા જાનકીજીની મૂર્તિઓ છે.





ગામલોકોને આશ્ચર્યનો કોઈ પાર ન રહયો. આજે પણ પ્રતિષ્ઠા પહેલા જે તે મૂર્તિઓનો ઓર્ડર આપવો પડે છે ત્યારે આજથી એક સૈકાથી વધારે સમય પહેલા આરસની આકર્ષક અને રામ, લક્ષ્મણ તથા જાનકીજી જે ખરા સમયે મૂર્તિઓની જરૂર હતી એ જ વિશાળ કદની મૂર્તિઓ વેચવા આવ્યા એ જ ખરો ચમત્કાર નહીં તો બીજુ શું ? તરત જ ત્રણેય મૂર્તિઓને યજ્ઞશાળામાં લાવવામાં આવી અને તરત જ પ્રતિષ્ઠાની વિધી આગળ શરૂ કરવામાં આવી. આ બાજુ મૂર્તિઓ લઈને આવેલ બે વ્યક્તિઓને પ્રસાદ માટે રોકાવાનું કહેતાં જ તેઓ દ્વારા પ્રથમ બાજુમાં જ પસાર થતી દેદુમલ નદીએ સ્નાન કરીને બપોરે પ્રસાદ સમયે આવી જશે એવું કહી તેઓ ત્યાંથી નીકળી ગયા. જયારે માણાબાપુ હજુ પણ પ્રાર્થનામાં લીન હતા. તરત જ નારણજીદાદાએ કહ્યું કે જલ્દી જઈને માણાબાપુને બોલાવી લાવો. માણાબાપુને ગઢમાં સમાચાર મળ્યા. નવાઈનો કોઈ પાર ન રહયો. દોડતાં જ તેઓ યજ્ઞશાળામાં આવ્યા. જયાં ત્રણેય મૂર્તિઓ રાખી હતી. ત્યાં જ માણાબાપુ મૂર્તિઓ આગળ લાકડી પડે તેમ પડી ગયા. આંખમાં હર્ષના આંસુ આવી ગયા. જાણે કે ભગવાને તેની પ્રાર્થના સાંભળી લીધી. હર્ષોલ્લાસ સમાતો નથી. એ જ ઉત્સાહથી પ્રતિષ્ઠાનું કાર્ય આનંદ ઉલ્લાસ સાથે પૂર્ણ થયું. ત્રણેય મૂર્તિઓને નૂતન મંદીરમાં પ્રતિષ્ઠિત કરવામાં આવી. ગામ લોકો દેદીપ્યમાન, તોજસ્વી મૂર્તિઓને જોતાં ધરાતા નથી. નારણજીદાદાએ ગામનાં જે યુવાનો રસોડા વિભાગમાં ખડેપગે હતા તેઓને પ્રસાદની તૈયારી માટે કહેવામાં આવ્યું. ત્યાં જ કોઈએ યાદ દેવડાવ્યું કે જે લોકો મૂર્તિઓ લઈને આવેલ તેઓ ઘણો સમય થયો છતાં હજુ આવ્યા નથી. માટે તેને બોલાવી લાવો તરત જ નદીએ તપાસ કરી. આજુબાજુના વિસ્તારમાં લોકોને દોડાવ્યા. ઘણી શોધખોળ કરી પણ આ લોકોનો કયાંય પતો મળ્યો નહીં. યજ્ઞશાળામાં આવી સમાચાર આપ્યા કે જે લોકો મૂર્તિઓ લઈને આવેલા તેઓની દુર-દુર સુધી તપસા કરી પણ તેઓ કયાંય છે જ નહીં. સમય પસાર થતો જતો હોય પ્રસાદનો વિલંબ થતો જતો હતો. ગામ લોકો અવઢવમાં મુકાણા હવે શું કરવું ? ઘણી રાહ જોઈ છતાં પણ આ લોકો પરત ન આવ્યા. ના છુટકે ગામલોકોએ ઘણી રાહ જોયા બાદ પ્રસાદ ગ્રહણ કર્યો.

પરંતુ માણાબાપુ, નારણજીદાદા ગોર, પ્રતિષ્ઠાકર્મનાં બ્રહ્મદેવતાઓ તથા સમગ્ર ગ્રામજનો વિચારવા માંડયા તથા અંદરો અંદર ચર્ચા વિચારણા કરવા લાગ્યા કે ખરેખર ખરા ટાણે સંકટ સમયે આવેલ આ દેવદૂતો સમાન લોકો જાય કયાં? અને બહારથી આવેલ વ્યક્તિ પ્રસાદનાં આમંત્રણને બપોરના સમયે સ્વીકાર્યા વગર રહે નહીં. કુતૂહલ વધતુ જતુ હતું. આજે પણ ગામડામાં કયાંય મૂર્તિઓ વેચાવા આવતી નથી, ત્યારે એક સૈકા પહેલાં આ અવિસ્મરણીય ઘટના બની એ જ મોટો

ઈશ્વરી ચમત્કાર ગણાય. રૂા ઘટના બની એના વર્ષોના વ્હાણા વહી ગયા છે. પરંતુ આજે પણ આ ઐતિહાસિક ઘટનાને સંભારે છે. પેઢી દર પેઢી આ અવિસ્મરણીય ઘટનાનો વારસો હજુ પણ જળવાય રહયો છે. જે તે સમયે નિજગૃહમાં વેદોક્ત વિધિથી પ્રસાદીરૂપ મૂર્તિઓ આજે પણ હાથસણીનાં ચોક વિસ્તારમાં શ્રી રામજીમંદીરમાં બિરાજમાન છે. થોડા સમય પહેલા એટલે કે તા. ૧૨/૧૨/૨૦૧૮ નાં શુભ દિવસે આ મૂર્તિઓની પ્રતિષ્ઠાનો એક સૈકો પૂર્ણ થતાં ગ્રામજનો ત્યાં બહારગામના જે ભાવિકોને આ મંદીરનો ઉજળો ઈતિહાસ જાણપે છે તેઓના સહકારથી પુનઃ પ્રતિષ્ઠા કાર્ય કરવામાં આવેલ અને પુનઃ એ જ દિવ્ય મૂર્તિઓને નૂતન મંદીરમાં પ્રતિષ્ઠિત કરેલ. વિજ્ઞાન તથા તર્કને એકબાજુ રાખીએ તો ભૂતકાળમાં બનેલ આ ચમત્કારકી ઘટનાને આજે પણ લોકો વાગોળે છે. પણ જે ઘટના બની તેને કાગળ ઉપર અંકિત કરવી એ પણ કાળામાથાનાં માનવી માટે કઠીન તથા દુર્ગમ છે.

અહેવાલ : ખુમાણ દિલુભાઈ એમ. (હાથસણી)

**નોંધ : આજે પણ એક સૈકા પહેલા નૂતનમંદીરનો જેને સદ્‌વિચાર આવેલ એવા પ્રેરકશ્રી નારણજી હરીરામ દાદા દ્વારાએ જમાનામાં રૂ. ૫૦૧ જેવું એ સમયે આપેલ આર્થિક યોગદાનની માહિતી દર્શાવતી તકતી શ્રી રામજીમંદીરમાં દ્રશ્યમાન છે. જયારે ભૂમિદાન આપનાર દરબારશ્રી માણાબાપુનાં વડવાશ્રી ભોકાબાપુ ખુમાણનું નામ અંકીત થયેલ છે.**

